BAPS

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૦૮)**

**(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)** **સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૧** **(કુલ ગુણ : ૧૦૦)**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.**

**વિભાગ-૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના - દસમી આવૃત્તિ, જુલાઈ - ૨૦૦૬**

**પ્રશ્ન.૧. નીચેનામાંથી કોઈ પણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો.** (૬ ગુણ)

૧. ઉપાસનાનું મહત્ત્વ ૧
૨. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એક અને અદ્વિતીય. ૪૬
૩. અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે સંબંધ. ૧૦૯
૪. ગુણાતીત સંતનો મહિમા મહારાજના શ્રીમુખે. ૮૬

**પ્રશ્ન.૨. પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.** (૫ ગુણ)

૧. 'જેને જ્ઞાનદૃષ્ટિ છે એવા ભક્તને મતે તો ભગવાન ક્યારેય પરોક્ષ થતા જ નથી.' ૭૮
૨. 'બીજાથી આવું ન બોલાય. પંડનું વર્તન સારું ન હોય તો શું બોલી શકે ? અને કદાચ બોલે તો કોઈને ભાર ન પડે.' ૧૩૨
૩. 'સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેનો કર્તા પણ હું જ છું.' ૬
૪. 'ભગવાનને નિર્દોષ સમજ્યાથી નિર્દોષ થઈ રહ્યો છે.' ૨૩
૫. 'ભગવાન અરૂપ છે, જ્યોતિઃ સ્વરૂપ છે, નિર્ગુણ છે ને સર્વત્ર વ્યાપક છે.' ૧૩

**પ્રશ્ન.૩. આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો.** (૪ ગુણ)

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. અક્ષરધામાધિપતિ શ્રીહરિ સર્વોપરી

(૧) ☐ ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું. (૩૩) (૨) ☐ મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ. (૩૩)
(૩) ☐ અમે તો અમારા ગુરુ રામાનંદ સ્વામીનું ભજન કરાવીએ છીએ.(૧૫૬) (૪) ☐ મૂળ માયાનાં બંધન કાપવા આવ્યા. (૪૩)

૨. ઉત્પત્તિ સર્ગનો સાચો ક્રમ કયો છે ? ૪૩

(૧) ☐ બ્રહ્મા મરીચ્યાદિક પ્રજાપતિ-કશ્યપ પ્રજાપતિ (૨) ☐ પરબ્રહ્મ-અક્ષરબ્રહ્મ-અક્ષરપુરુષ + મહામાયા
(૩) ☐ પ્રધાનપુરુષ-વિરાટપુરુષ-મન ઇન્દ્રિયોના દેવતા (૪) ☐ ઇન્દ્રાદિક દેવતા-સ્થાવર જંગમ સૃષ્ટિ-દૈત્ય

**પ્રશ્ન.૪. નીચેનામાંથી કોઈ પણ એક પ્રસંગ વર્ણવી સિદ્ધાંત લખો.** (૪ ગુણ)

૧. અનાદિ મુક્તથી અધિક સામર્થી અક્ષરબ્રહ્મની છે. ૧૨૯
૨. માલજી સોનીને ગુણાતીતાનંદ સ્વામીની અક્ષરબ્રહ્મ તરીકે ઓળખાણ થઈ. ૧૨૭
૩. પરમહંસોની મહારાજના સ્વરૂપમાં અડગ નિષ્ઠા. ૫૩

**પ્રશ્ન.૫. નીચેનામાંથી કોઈ પણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. ગુણાતીત સંતનો મહિમા : પરમહંસોનાં પદોમાં ૯૦
૨. ભગવાન વ્યાપક થકા મૂર્તિમાન કેવી રીતે ? ૧૬
૩. અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે સમાનતા ૧૧૧
૪. પ્રગટની ભક્તિ, એ જ શાંતિનો ઉપાય ૭૦

**પ્રશ્ન.૬. નીચેનામાંથી કોઈ પણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. ચાર શાસ્ત્રે કરીને ભગવાનના સ્વરૂપને સમજે, ત્યારે ભગવાનના સ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન થાય છે. ૧૪
૨. સર્વકર્તા પરમેશ્વર જ છે એવો નિશ્ચય દૃઢ થવાથી બુદ્ધિમાં કોઈ પણ સંશય રહેતો નથી. ૮
૩. શીતળદાસ વ્યાપકાનંદ બન્યા. ૪૭
૪. સ્વામિનારાયણીય ઉપાસનામાં અક્ષરબ્રહ્મનું સ્થાન વિશિષ્ટ છે. ૯૫

**પ્રશ્ન.૭. ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચેનાં વાક્યોની પૂર્તિ કરો.** (૭ ગુણ)

(ઉપાસનામાં શું સમજવું ?)

૧. શ્રીજીમહારાજ સદાય પોતાના ....... નિર્ગુણ કરી મૂકે છે. ૧૪૨
૨. આપણી ઉપાસના ....... બે ચરણની જ છે. ૧૪૩
૩. અક્ષરબ્રહ્મ એક જ ....... સેવક રૂપે રહે છે. ૧૪૩
૪. અક્ષરબ્રહ્મના સાધર્મ્યને ....... અંતે પણ રહે છે. ૧૪૩-૧૪૪

(ઉપાસનામાં શું ન સમજવું ?)

૧. મુક્તિ અવસ્થામાં ....... પામતો તેમ ન સમજવું. ૧૪૪
૨. મુક્ત અને અક્ષરબ્રહ્મ ....... નથી તેમ ન સમજવું. ૧૪૪
૩. અક્ષરબ્રહ્મ અને ....... તેમ ન સમજવું. ૧૪૫

(પાછળ જુઓ)

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૫ જૂન, ૨૦૦૮; પરીક્ષા : સત્સંગ પ્રવીણ-૧; માધ્યમ : ગુજરાતી; સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

**૬૦૧**

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-

પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-

પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :- ☐☐☐☐☐☐

પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :- ☐☐☐☐

પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

**પ્રશ્ન.૮. વિસ્તારથી નોંધ લખો.** **(૫ ગુણ)**

અવતારો કેટલા છે ? તે સર્વે સરખા છે ? કે તેમાં ભેદ છે ? ૬૦

**વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૩ - છઠ્ઠી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૬**
**યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ - ચતુર્થ આવૃત્તિ, જુલાઈ - ૨૦૦૬**

**પ્રશ્ન.૯. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** **(૯ ગુણ)**

૧. "તે હવે પીધેલું અમૃત બહાર નહિ નીકળે." (સ.વા.ભા.-૩) **અથવા** ૬૫
૨. "એમાં આપણો ભલીવાર નહીં વળે." (સ.વા.ભા.-૩) ૪૯
૩. "તમને કોઈ ન ઓળખે એવા કરી દઈએ તો ?" (સ.વા.ભા.-૩) **અથવા** ૩૩
૪. "એમને મળવા જ ખાસ આવ્યા છીએ." (યુગવિભૂતિ) ૪૩
૫. "વ્યસન વગરનું પવિત્ર જીવન કરજો." (યુગવિભૂતિ) **અથવા** ૨૨
૬. "શેરીઓમાં, ગલીઓમાં, લત્તે-લત્તે જાતે જઈને આપની સંસ્થાએ શું કર્યું છે જેથી પ્રશ્ન હલ થાય." (યુગવિભૂતિ) ૫૫

**પ્રશ્ન.૧૦. નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં)** **(૮ ગુણ)**

૧. રઘુવીરજી મહારાજ સભામાં બોલ્યા, 'વાતો તો ગુણાતીતાનંદ સ્વામી જ કરશે.' (સ.વા.ભા.-૩) **અથવા** ૪૪
૨. શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને ધરમપુર મોકલ્યા. (સ.વા.ભા.-૩) ૫૧
૩. દલુભાઈ મદારી આનંદથી નાચી ઊઠ્યા. (યુગવિભૂતિ) **અથવા** ૩૧
૪. સાધુજીવન સ્વામીના હૃદયમાં સ્વામીશ્રીના ઉઘાડાં ચરણે કાયમ માટે અમીટ છાપ મૂકી. (યુગવિભૂતિ) ૩૮

**પ્રશ્ન.૧૧. નીચેના વિષયો પર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** **(૮ ગુણ)**

૧. પર્વતભાઈની હરિભક્તો પ્રત્યેની આત્મબુદ્ધિ (સ.વા.ભા.-૩) **અથવા** ૫૭
૨. વડોદરાના વિષ્ણુયાગમાં ગોપાળાનંદ સ્વામી (સ.વા.ભા.-૩) ૫
૩. સેવક કોણ છે ? (યુગવિભૂતિ) **અથવા** ૧૮
૪. અભિશાપ હતો કે જીવનની અણમોલ અપૂર્વ આનંદની ક્ષણ. (યુગવિભૂતિ) ૪૯

**પ્રશ્ન.૧૨. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** **(૫ ગુણ)**

૧. જામનગરના વિદ્વાનોની સભામાં મુક્તાનંદ સ્વામીએ શું પુરવાર કર્યું ? (સ.વા.ભા.-૩) ૨૦
૨. બ્રાહ્મણોએ ઈડરના રાજાને શી વિનંતી કરી ? (સ.વા.ભા.-૩) ૨
૩. લાલજીભક્તે યાત્રામાં સાથે શું શું લીધું હતું ? (સ.વા.ભા.-૩) ૩૧
૪. પ્રમુખસ્વામી કોના પ્રમુખ છે ? (યુગવિભૂતિ) ૯
૫. પ્રમુખસ્વામી મહારાજ ભવિષ્ય વિષે કેવી આગાહી કરે છે ? (યુગવિભૂતિ) ૫૬

**પ્રશ્ન.૧૩. આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો.** **(૮ ગુણ)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. શિવલાલ શેઠની મુમુક્ષુતા કેવી (સ.વા. ભાગ-૩) ૭૦
(૧) ☐ તારા જીવ સામું જોઉં છું તો અડધો સત્સંગ રહ્યો છે (૨) ☐ આ સભામાં હાડકું કોણ કરડે છે ?
(૩) ☐ રંચમાત્ર ખરખરો થયો નહિ (૪) ☐ મહારાજ તેમની પૂજામાં પધારતા.

૨. પર્વતભાઈની માનસી (સ.વા. ભાગ-૩) ૫૯
(૧) ☐ માનસીમાં દહીં રોટલો જમાડતા (૨) ☐ મહારાજે મારો સંકલ્પ સત્ય કર્યો
(૩) ☐ મારે તો નિયમ. (૪) ☐ મારા ઈષ્ટદેવ જમે પછી જમાય.

૩. ભગવાન સ્વામિનારાયણે આપેલી ગુણાતીત સત્પુરુષોની ચિરંજીવી પરંપરા. (યુગવિભૂતિ) ૭
(૧) ☐ પ્રાગજી ભક્ત (૨) ☐ ગોપાળાનંદ સ્વામી
(૩) ☐ શાસ્ત્રીજી મહારાજ (૪) ☐ તુલસીદાસ

૪. પ્રમુખસ્વામી મહારાજનું નિર્લોભીપણું દર્શાવતા પ્રસંગો (યુગવિભૂતિ)
(૧) ☐ સ્વામીશ્રીએ સારંગપુરમાં ગંદાં-ગંધાતાં સંડાસ સાફ કર્યાં. (યુગવિભૂતિ-૧૮)
(૨) ☐ કાર્લોસ વેગા સાથે વાર્તાલાપ (યુગવિભૂતિ-૨૩)
(૩) ☐ દારેસલામના ઍરપોર્ટ અધિકારીઓને થયેલ આશ્ચર્ય (યુગવિભૂતિ-૩૩)
(૪) ☐ સ્વામીશ્રીએ ચોરને મારવાની ના પાડી (યુગવિભૂતિ-૪૧)

**વિભાગ-૩ : નિબંધ**

**પ્રશ્ન.૧૪. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** **(૧૫ ગુણ)**

૧. ગુરુની આવશ્યકતા અને મહત્તા
૨. મંદિર : જ્ઞાન અને ઉપાસનાનું કેન્દ્ર
૩. મંગલમૂર્તિ શ્રીહરિ

**નોંધ :- ઉપરોક્ત જે નિબંધની યાદી છે તેમાંથી એક નિબંધ તથા તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૩ જુલાઈ, ૨૦૦૮ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

❋ ❋ ❋